GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

# વિવિધતામાં એકતા: ભારતનું સહિયારું ભાગ્ય

ડૉ. હેતલબેન વી. મકવાણા

આસિસ્ટન્ટ પ્રોફેસર,

શ્રી એ. સી. શુક્લા પોસ્ટ ગ્રેજ્યુએટ કૉલેજ ઓફ એજ્યુકેશન (એમ.એડ.), મહેમદાવાદ

**સારાંશ**

ભારત એક અનોખું રાષ્ટ્ર છે જ્યાં અસંખ્ય ભાષાઓ, ધર્મો, જ્ઞાતિઓ અને સંસ્કૃતિઓ વસે છે. "વિવિધતામાં એકતા" એ માત્ર એક સૂત્ર નથી પરંતુ ભારતીય સમાજની મૂળભૂત વાસ્તવિકતા અને રાષ્ટ્રીય અસ્મિતાનો પાયો છે. આ સંશોધન લેખ ભારતના સહિયારા ભાગ્ય તરીકે વિવિધતામાં એકતાના ખ્યાલનું વિશ્લેષણ કરે છે. ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, બંધારણીય મૂલ્યો, સાંસ્કૃતિક સંવાદિતા અને સમકાલીન પડકારોના સંદર્ભમાં આ ખ્યાલની તપાસ કરવામાં આવી છે. સંશોધન દર્શાવે છે કે વિવિધતામાં એકતાનો વિચાર ભારતના બંધારણીય લોકતંત્રની કરોડરજ્જુ છે, છતાં વ્યવહારમાં જાતિ, ધર્મ અને પ્રાદેશિક અસમાનતાઓને કારણે આ આદર્શ પડકારોનો સામનો કરે છે. ટાગોરના "રુટેડ કોસ્મોપોલિટનિઝમ" અને ગાંધી–આંબેડકરના સમાજ સુધારાના વિચારો આ સંદર્ભમાં નવી દિશા આપે છે. નિષ્કર્ષમાં, વિવિધતામાં એકતા એ ભારતનું સહિયારું ભાગ્ય છે અને તેને સાકાર કરવા માટે સતત પ્રયત્નોની જરૂર છે.

**ચાવીરૂપ શબ્દો:** વિવિધતામાં એકતા, ભારતીય રાષ્ટ્રવાદ, બંધારણીય મૂલ્યો, સાંસ્કૃતિક સંવાદિતા, બહુસાંસ્કૃતિકતા, સહિયારું ભાગ્ય

## ૧. પ્રસ્તાવના

ભારતને વિશ્વના સૌથી વૈવિધ્યસભર દેશોમાં ગણવામાં આવે છે. અહીં ૧૩૦ કરોડથી વધુ વસ્તી વિવિધ ધર્મો, ભાષાઓ, જ્ઞાતિઓ, જનજાતિઓ અને સંસ્કૃતિઓમાં વિભાજિત છે. આટલી વિવિધતા છતાં, ભારત એક રાષ્ટ્ર તરીકે એકમેક સાથે જોડાયેલું છે. આ સંદર્ભમાં "વિવિધતામાં એકતા" (Unity in Diversity) નો ખ્યાલ ભારતીય સમાજની વિશેષતા અને શક્તિ તરીકે ઉભરી આવે છે .

ભારતીય સંસ્કૃતિ વિશ્વની પ્રાચીનતમ સંસ્કૃતિઓમાંની એક છે. આપણા દેશની પ્રજા પોશાક, ખોરાક,રહેઠાણ ધર્મ,ભાષા,રીતી રીવાજ,તહેવાર વગેરે અનેક બાબતોમાં એકબીજા થી ભિન્ન છે.છતાં, દેશવાસીઓમાં ભાવાત્મક એકતા જોવા મળે છે.વિવિધતામાં એકતા એ આપણી સંસ્કૃતિ ની આગવી વિશિષ્ઠતા છે.

રાષ્ટ્રીય એકતા થી રાષ્ટ્ર માટે પ્રેમ, સન્માન,દેશ માટે ત્યાગની ભાવના તથા તાદાત્મ્યની લાગણીઓ એક સમાનભાવે અનુભવે તેને રાષ્ટ્રીય એકતા કહે છે. રાષ્ટ્રીય એકતાથી રાષ્ટ્રનો આર્થિક,સમાજિક,ઔદ્યોગિક વગેરે ક્ષેત્રોમાં વિકાસ થાય છે. વિવિધતાઓની વચ્ચે પણ લોકો શાંતિ, સલામતી અને સમૃદ્ધિ પ્રાપ્ત કરે છે. તેથી જ ડૉ. રાધાકૃષ્ણને કહ્યું છે કે , " જો આપણે એક રાષ્ટ્રના રૂપમાં જીવિત રહેવું હશે તો આપણે સૌએ રાષ્ટ્રીય એકતાની આવશ્યકતા સ્વીકારવી જ પડશે."

આ સંશોધન લેખનો મુખ્ય ઉદ્દેશ "વિવિધતામાં એકતા: ભારતનું સહિયારું ભાગ્ય" થીમનું વિશ્લેષણ કરવાનો છે. આ થીમ શા માટે ભારતના રાષ્ટ્રીય એકતા અને બંધારણીય મૂલ્યોના કેન્દ્રમાં છે તે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સંશોધન દરમિયાન નીચેના પ્રશ્નોની તપાસ કરવામાં આવી છે:

૧. વિવિધતામાં એકતાનો ઐતિહાસિક અને સૈદ્ધાંતિક પાયો શું છે?

૨. ભારતીય બંધારણ કઈ રીતે વિવિધતામાં એકતાને પ્રોત્સાહન આપે છે?

૩. સમકાલીન ભારતમાં આ ખ્યાલ કયા પડકારોનો સામનો કરે છે?

૪. વિવિધતામાં એકતાને વધુ મજબૂત બનાવવા માટે શું ઉપાયો લઈ શકાય?

આ લેખ મુખ્યત્વે ગુણાત્મક સંશોધન પદ્ધતિ પર આધારિત છે, જેમાં દ્વિતીય સ્ત્રોતો – શૈક્ષણિક પુસ્તકો, સંશોધન પત્રો, નીતિ દસ્તાવેજો અને મીડિયા અહેવાલોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

## ૨.વિવિધતામાં એકતા: ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને સૈદ્ધાંતિક માળખું

### ૨.૧ ઐતિહાસિકવિકાસ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

ભારતીય ઉપખંડ હંમેશાથી જ વિવિધ ધર્મો અને જાતિઓનું કેન્દ્ર રહ્યું છે. બ્રિટિશ શાસન પહેલાં, આ ઉપખંડ મોટેભાગે મુગલ સલ્તનત અને હિંદુ રજવાડાઓમાં વિભાજિત હતો . જોકે, બ્રિટિશ વસાહતી શાસન સામેની સ્વતંત્રતા ચળવળે ભારતીય રાષ્ટ્રવાદને જન્મ આપ્યો અને વિવિધ જૂથોને એકત્ર કર્યા. આ સંઘર્ષે જ વિવિધતામાં એકતાના વ્યવહારુ સ્વરૂપને મજબૂત કર્યું .સ્વતંત્રતા પછી,ઔપનિવેશિક ભારતમાં રાષ્ટ્રીય ઓળખ નિર્માણ શિક્ષણની સૌથી મહત્વપૂર્ણ પ્રાથમિકતા બની ગઈ. નવા રાષ્ટ્રને એક એવી ઓળખની જરૂર હતી જે તમામ વિવિધતાઓને સમાવી શકે.

**૨.૨ હિંદુ પરિપ્રેક્ષ્યમાં વિવિધતામાં એકતા**

હિંદુ ધર્મે હંમેશા વિવિધતામાં એકતાના વિચારને પ્રોત્સાહન આપ્યું છે. સીમા બોઝના સંશોધન મુજબ, હિંદુ સમાજે લોકો, રિવાજો અને વિચારોને આત્મસાત કર્યા છે, છતાં જાતિ, ઉંમર, લિંગ અને ભૌગોલિક વિવિધતા હોવા છતાં એકતા જાળવી રાખી છે .

બ્રિટિશ વિદ્વાન મોનિયર–વિલિયમ્સે હિંદુ ધર્મની તુલના ભારતના વડ વૃક્ષ સાથે કરી હતી: "એક જ થડમાંથી અસંખ્ય શાખાઓ નીકળે છે, જે જમીનમાં મૂળિયાં ફેલાવીને પોતે વૃક્ષ બની જાય છે, અને મૂળ વૃક્ષ પોતાના જ અંશોના ગાઢ જંગલમાં ખોવાઈ જાય છે" . આ રૂપક હિંદુ ધર્મની સમાવિષ્ટ પ્રકૃતિને સારી રીતે સમજાવે છે.

સર આલ્ફ્રેડ કોમિન લાયલે પણ લખ્યું: "હિંદુઓના સંપ્રદાયો અસંખ્ય છે અને નવા સંપ્રદાયો ઉભરી રહ્યા છે, પરંતુ હિંદુ સંપ્રદાયવાદ અન્યને બાકાત રાખતો નથી. આ વિશ્વમાં સંબંધોનો સંપૂર્ણ સૌહાર્દ સામાજિક અવરોધોની ભીંતોને પાછળ છોડીને અન્યો સાથેના જોડાણથી પ્રાપ્ત થાય છે" .

ભારત હિન્દુ ધર્મ,શીખ ધર્મ , જૈન ધર્મ,અને બુદ્ધ ધર્મ નું જન્મસ્થળ છે. સદીઓથી ,વિશ્વભરમાંથી ઘણા લોકો ભારતમાં સ્થળાંતર કરીને સ્થાયી થયા છે,જેને કારણે ખ્રિસ્તી

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

ધર્મ,યહૂદી ધર્મ,પારસી ધર્મ, અને ઇસ્લામ ધર્મ જેવા ધર્મો દેશમાં આવ્યા છે.ભારતમાં ઘણા સમયથી વિવિધ ધર્મો અને સંસ્કૃતિઓના વિવિધ શાસકો શાસન કરતા આવ્યા છે. દેશમાં હજુ પણ ઘણા શાસકો અથવા સમ્રાટો ની માન્યતાઓ અને પ્રથાઓ અસ્તિત્વમાં છે.

**૨.૩સામાજિક ઓળખ સિદ્ધાંતનો પરિપ્રેક્ષ્ય**

સામાજિક ઓળખ સિદ્ધાંત (Social Identity Theory) અનુસાર, વ્યક્તિની ઓળખ અંગત અને સામાજિક એમ બે સ્તરે વિભાજિત થાય છે . ભારતીય સંદર્ભમાં, વ્યક્તિની ઓળખ મુખ્યત્વે જ્ઞાતિ, વર્ગ, વંશીયતા અને ભાષાકીય જૂથો દ્વારા નક્કી થાય છે . આ વિવિધ ઓળખો વચ્ચે સંતુલન સાધવું અને એક સામાન્ય રાષ્ટ્રીય ઓળખ નિર્માણ કરવું એ એક પડકારભર્યું કાર્ય છે.

ટર્નરના સ્વ–વર્ગીકરણ સિદ્ધાંત (Self-categorization Theory) મુજબ, સંબંધિત સામાજિક સંદર્ભ નક્કી કરે છે કે કયું વર્ગીકરણ સૌથી યોગ્ય છે અને કઈ ઓળખ મહત્વપૂર્ણ બને છે . ભારત જેવા બહુસાંસ્કૃતિક સમાજમાં, આ સિદ્ધાંત વિશેષ મહત્વ ધરાવે છે.

**૩.બંધારણીય મૂલ્યો અને વિવિધતામાં એકતા**

**૩.૧બંધારણીય માળખું**

ભારતીય બંધારણે સ્વતંત્રતા પછી એક એવું માળખું તૈયાર કર્યું જે વિવિધતાને માન આપતી વખતે એકતા સ્થાપિત કરી શકે. સંશોધકો મુખર્જી અને ચેટર્જીના મતે, ભારતે રાષ્ટ્રીય ઓળખ નિર્માણ માટે એક કેન્દ્રીયકૃત ફેડરલ માળખું, બિનસાંપ્રદાયિકતા અને બહુમતીવાદી કાયદાકીય પ્રણાલી અપનાવી .બંધારણની મુખ્ય વિશેષતાઓ જે વિવિધતામાં એકતાને પ્રોત્સાહન આપે છે તે નીચે મુજબ છે:

**·ધર્મનિરપેક્ષતા: ભારતમાં કોઈ રાજ્યધર્મ નથી અને તમામ ધર્મોને સમાન અધિકાર છે**

·**ભાષાકીય અધિકારો:** રાજ્યોની રચના ભાષાકીય આધારે કરવામાં આવી

·**સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો:** લઘુમતીઓને પોતાની સંસ્કૃતિ અને ભાષા સાચવવાનો અધિકાર

·**અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે આરક્ષણ:** સામાજિક ન્યાય અને સમાનતાની ખાતરી

**૩.૨ બહુસાંસ્કૃતિકતાનો પડકાર**

બહુસંસ્કૃતિવાદ એ એક એવી વિચારધારા છે જે સમાજમાં વિવિધ સંસ્કૃતિઓ,વંશીય જૂથો ,ધર્મો અને ભાષાઓના સહઅસ્તિત્વ ને સમાન મહત્વ અને આદર આપે છે. તે વિવિધતા માં એકતાના સિદ્ધાંત પર આધારિત છે,જ્યાં લઘુમતી સમુદાયો પોતાની વિશિષ્ઠ ઓળખ જાળવી રાખીને મુખ્ય પ્રવાહમાં ભાગ લે છે .

**બહુસંસ્કૃતિવાદ ના મુખ્ય પાસા :**

- **સાંસ્કૃતિક વિવિધતાની સ્વીકૃતિ :** સમાજ માં ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓ ના અસ્તિત્વ ને આવકારવા માં આવે છે.
- **સમાનતા અને આદર :** તમામ સામુહિક સમૂહોને સામન તક અને સન્માન મળે છે.
- **અલગતા/ એસીમીલેશન થી ભિન્ન :** તે સમુહોને મુખ્ય પ્રવાહમાં ભળી જવા (એસિમીલેશન) માટે દબાણ કરવાને બદલે પોતાની વિશિષ્ઠતા જાળવવા દે છે .
- **રાજકીય અભિગમ :** લઘુમતીઓના અધિકારો અને ઓળખને સુરક્ષિત રાખવા માટે એક રાજકીય માળખું પૂરું પાડે છે.

જોકે, મુખર્જી અને ચેટર્જી દલીલ કરે છે કે ઔપનિવેશિક ભારતમાં બહુસાંસ્કૃતિક શિક્ષણ અને રાષ્ટ્રીય ઓળખ નિર્માણ વચ્ચે સંઘર્ષ છે. તેમના મતે, ભારતમાં બહુસાંસ્કૃતિકતાના વ્યવહારનું વિશ્લેષણ હજુ પણ ચોક્કસ વૈચારિક માળખાના એકસાંસ્કૃતિક લેન્સ દ્વારા થાય છે, જે

લઘુમતીઓને અદ્રશ્ય બનાવે છે . આ સ્થિતિ ભારતીય બહુસાંસ્કૃતિકતાના સાચા સાર – વિવિધતામાં એકતા, સામુહિક સંવાદિતા અને સમન્વય –ને જોખમમાં મૂકે છે .

**૪. સાંસ્કૃતિક સંવાદિતા: રાષ્ટ્રીય એકતાનો પાયો**

**૪.૧સાંસ્કૃતિક સમન્વયનાં ઉદાહરણો :**

**તહેવારો ની ઉજવણી :** દિવાળી ,હોળી ,ઈદ, ક્રિસમસ અને પતેતી જેવા વિવિધ ધર્મો ના તહેવારો ભારતમાં સૌ સાથે મળીને ઉજવે છે.

**કળા અને સ્થાપત્ય :** ભારતમાં બ્રિટીશ અને ભારતીય શૈલી ના સમન્વય થી બનેલી ઈમારતો ,જેમકે મુંબઈ નું ગેટવે ઓફ ઈન્ડિયા .ઉપરાંત ઇન્ડો ઇસ્લામિક સ્થાપત્ય જે ફારસી અને ભારતીય સંસ્કૃતિની સહનશીલતા દર્શાવે છે.

**ધર્મ અને વિચારધારા :** ભક્તિ આંદોલન અને સુફીવાદનું મિશ્રણ ,જેણે હિન્દુ અને મુસ્લિમ સમાજ વચ્ચે ભાઈચારા અને પ્રેમનો સંદેશ ફેલાવ્યો.

**સંગીત અને નૃત્ય :** ભારતીય શાસ્ત્રીય સંગીતમાં આર્ય અને દ્રવિડ પરંપરા ઓનો સમન્વય, તેમજ મુઘલ કાળ દરમિયાન વિકસેલ કથક શૈલી તેનું ઉતમ ઉદાહરણ છે.

**પોશાક અને ખાનપાન :** ભારતીય પહેરવેશ માં કુર્તા –પાયજામામાં મુઘલ પ્રભાવ અને વિવિધ વાનગીઓમાં બિરયાની,સમોસા જેવી વાનગીઓ જે ભારતીય અને પર્શિયન શૈલી નું મિશ્રણ છે.

આમ,સાંસ્કૃતિક સમન્વય એ વિવિધ સંસ્કૃતિઓના મિલનથી ઉદભવતી સામાજિક એકતા છે.જેમાં ભાષા, પોશાક, ખાનપાન ,કલા અને તહેવારોનું મિશ્રણ જોવા મળે છે.ભારતીય સંસ્કૃતિઆનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.જ્યાં આર્ય –દ્રવિડ સંસ્કૃતિ, મુઘલ–રાજપૂત કળા, ગંગા–જમુના સંસ્કૃતિ અને પશ્ચિમી સંસ્કૃતિ ના મિશ્રણથી એક સર્વ સમાવેશક જીવનશૈલી બનેલી છે.

ભારતનો ઇતિહાસ સાંસ્કૃતિક સમન્વયના અસંખ્ય ઉદાહરણોથી ભરેલો છે. સૂફીવાદ, ભક્તિ ચળવળ, ગંગા–જમુની તહજીબ (હિંદુ–મુસ્લિમ સંયુક્ત સંસ્કૃતિ) એવા ઉત્તમ ઉદાહરણો છે જે

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

દર્શાવે છે કે કઈ રીતે વિવિધ સંસ્કૃતિઓએ એકબીજાને પ્રભાવિત કર્યા અને એક નવી સંયુક્ત સંસ્કૃતિનું નિર્માણ કર્યું.

બોઝના સંશોધન મુજબ, હિંદુ સમુદાયમાં આંતર–સાંસ્કૃતિક સંવર્ધન (cross-cultural fertilization) ના અસંખ્ય પુરાવા છે. જાતિ, ઉંમર, લિંગ અને ભૌગોલિક વિવિધતા હોવા છતાં, હિંદુ ધાર્મિક દૃષ્ટિકોણ એકાત્મક (unitary) છે .

### ૪.૨ ટાગોરનો "રુટેડ કોસ્મોપોલિટનિઝમ" નો વિચાર

મુખર્જી અને ચેટર્જી ટાગોરના "રુટેડ કોસ્મોપોલિટનિઝમ" (મૂળિયાં ધરાવતો વિશ્વનાગરિકત્વ) ના દર્શન તરફ ધ્યાન દોરે છે. ટાગોરનું આ દર્શન એવા રાષ્ટ્રની કલ્પના કરે છે જ્યાં આપણે બધા સમાન વૈશ્વિક નાગરિકો છીએ, અને આ ટકાઉ વિકાસના યુગમાં વિશેષ મહત્વ ધરાવે છે . ટાગોર ઈચ્છતા હતા કે આપણે આપણા મૂળિયાં સાથે જોડાયેલા રહીએ, પરંતુ સાથે સાથે વૈશ્વિક દૃષ્ટિકોણ પણ ધરાવીએ.

## ૫.બહુસાંસ્કૃતિક સમાજમાં રાષ્ટ્રીય એકતા: પડકારો અને આલોચના

### ૫.૧પ્રાદેશિક અસમાનતા અને આંતરિક સ્થળાંતરકારોનો મુદ્દો

ડૉ. વુ ઝિઆઓલીએ તેમના સંશોધનમાં દર્શાવ્યું છે કે ભારતની "વિવિધતામાં એકતા" ની રાષ્ટ્રીય વિચારધારાને ઈશાન ભારતના આંતરિક સ્થળાંતરકારોના અનુભવોએ પડકારી છે . ઈશાન ભારતના લોકો, જે મુખ્યત્વે મંગોલોઈડ દેખાવ ધરાવે છે, તેઓને ભારતના અન્ય ભાગોમાં વારંવાર ભેદભાવનો સામનો કરવો પડે છે.

૨૦૧૪માં, અરુણાચલ પ્રદેશના ૧૯ વર્ષીય વિદ્યાર્થી નિડો તાનિયાની દિલ્હીમાં હત્યા કરવામાં આવી હતી કારણ કે તેણે એક દુકાનદારના તેના દેખાવ અને વાળ અંગેના ઉપહાસનો જવાબ આપ્યો હતો આ ઘટનાએ ઈશાન ભારતના લોકો સામેના ભેદભાવને ઉજાગર કર્યો અને ભારતની "વિવિધતામાં એકતા" ની વિચારધારા પર ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા .

### ૫.૨ જાતિ અને અસમાનતાનો મુદ્દો

બહુસાંસ્કૃતિક ભારતમાં જાતિવાદ અને સામાજિક – આર્થિક અસમાનતા રાષ્ટ્રીય એકતા માટે મોટો પડકાર છે.જ્ઞાતિ આધારિત ભેદભાવ ,પછાત વર્ગો સામેની અસમાનતા અને સંસાધનોની અસમાનતા વહેંચણી સંઘર્ષ પેદા કરે છે,જે બંધારણીય સમાનતાના મૂલ્યો અને એકતા ના વાતાવરણ ને નબળું પાડે છે.અ મુદ્દાઓ સામાજિક સુમેળ અને રાષ્ટ્રીય અખંડીતતા સામે અવરોધરૂપ છે.

બોઝના સંશોધન મુજબ, જાતિ અસહિષ્ણુતા અને અસમાનતા સાથે સંકળાયેલી છે. મહાત્મા ગાંધી અને ડૉ. બી.આર. આંબેડકરે 'અસ્પૃશ્યો'ના અધિકારો અને ઉત્થાન માટે લડત આપી, તેમને સમાજમાં યોગ્ય સ્થાન અપાવવાનો પ્રયત્ન કર્યો . બોઝ કાન્તના વિચારો ટાંકે છે: "સામાજિક વ્યવસ્થા માટે વ્યક્તિની સ્વતંત્રતાને એવી રીતે વ્યાખ્યાયિત કરવી જરૂરી છે કે તે અન્ય લોકોમાં પોતાની મર્યાદા શોધે" .

### ૫.૩શિક્ષણ અને મીડિયાની ભૂમિકા

મુખર્જી અને ચેટર્જીએ તેમના સંશોધનમાં શિક્ષણ અને મીડિયાની ભૂમિકાનું પણ વિશ્લેષણ કર્યું છે. તેમના મતે, ઔપચારિક માળખાની બહાર લોકશિક્ષણમાં લોકપ્રિય મીડિયાની ભૂમિકા અને ભારતીય શિક્ષણમાં લઘુમતીઓની સ્થિતિ મહત્વપૂર્ણ છે . તેઓ દલીલ કરે છે કે ધર્મ, જ્ઞાતિ–પંથ અને લિંગના સંકુચિત અવરોધોથી વિભાજિત દેશમાં, ભારતને બહુસાંસ્કૃતિક સાક્ષરતાથી સશક્ત શિક્ષકોની જરૂર છે .

## ૬.સમકાલીન સંદર્ભમાં વિવિધતામાં એકતા

### ૬.૧વૈશ્વિકરણ અને ઓળખનો પ્રશ્ન

વૈશ્વિકરણના આ યુગમાં, ઓળખના પ્રશ્નો વધુ જટિલ બન્યા છે. એક તરફ વૈશ્વિક સંસ્કૃતિનો પ્રભાવ વધી રહ્યો છે, તો બીજી તરફ સ્થાનિક ઓળખો પણ મજબૂત બની રહ્યા

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

છે.વૈશ્વિકરણને કારણે સાંસ્કૃતિક આદાનપ્રદાન,આર્થિક પરિવર્તન અને પશ્ચિમીકરણનો પ્રભાવ વધતા,પરંપરાગત ઓળખ જાળવી રાખવાનો અને વિવિધતા ને ટકાવી રાખવાનો પ્રશ્ન વધુ જટિલ અને ચર્ચાસ્પદ બન્યો છે. આ સંદર્ભમાં, વિવિધતામાં એકતાનો ખ્યાલ વધુ મહત્વપૂર્ણ બને છે. વિવિધતામાં એકતા જાળવી રાખવા માટે આધુનિકતા ને અપનાવવા સાથે પોતાની મૂળભૂત ભારતીય ઓળખ અને મૂલ્યોનું જતન કરવું આવશ્યક છે .

**૬.૨રાજકીય અને સામાજિક ચળવળો**

તાજેતરના વર્ષોમાં, વિવિધ સામાજિક અને રાજકીય ચળવળોએ ભારતીય રાષ્ટ્રીય ઓળખના પ્રશ્નને કેન્દ્રમાં લાવ્યો છે. કૃષિ કાયદા સામેના આંદોલન, જાતિ જનગણના અને અનામતના મુદ્દા, ધાર્મિક ધ્રુવીકરણ જેવા પ્રશ્નોએ વિવિધતામાં એકતાના ખ્યાલને નવા સંદર્ભમાં મૂક્યો છે.

**૬.૩ટકાઉ વિકાસ અને સમાનતાનો પ્રશ્ન**

મુખર્જી અને ચેટર્જી ટકાઉ વિકાસ લક્ષ્યાંકો (Sustainable Development Goals) ના સંદર્ભમાં ટાગોરના દર્શનની સુસંગતતા તરફ ધ્યાન દોરે છે . તેમના મતે, એવા વિશ્વમાં જ્યાં આપણે બધા સમાન વૈશ્વિક નાગરિકો છીએ, ત્યાં ટકાઉ વિકાસ માટે સામાજિક સમાનતા અને સાંસ્કૃતિક વિવિધતાનો આદર અનિવાર્ય છે.

## ૭.નિષ્કર્ષ અને ભલામણો

### ૭.૧તારણો

આ સંશોધન લેખમાં આપણે જોયું કે "વિવિધતામાં એકતા: ભારતનું સહિયારું ભાગ્ય" એ માત્ર એક નારા કરતાં વધુ છે. તે ભારતીય સમાજની મૂળભૂત વાસ્તવિકતા છે અને ભારતીય બંધારણીય મૂલ્યોનો પાયો છે. ઐતિહાસિક રીતે, ભારતે વિવિધતાને સ્વીકારીને એકતા સાધવાનો પ્રયત્ન કર્યો છે. બંધારણે આ વિચારને કાયદાકીય માળખું પૂરું પાડ્યું છે.જોકે, આ લેખમાં

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

દર્શાવ્યા મુજબ, વ્યવહારમાં આ આદર્શને અનેક પડકારોનો સામનો કરવો પડે છે. જાતિ, ધર્મ, પ્રદેશ અને ભાષાના આધારે ભેદભાવ હજુ પણ અસ્તિત્વ ધરાવે છે. ઈશાન ભારતના લોકો સામેના ભેદભાવનો મુદ્દો દર્શાવે છે કે વિવિધતામાં એકતા હજુ સંપૂર્ણપણે સાકાર થઈ નથી .

**૭.૨ભલામણો**

આ પડકારોનો સામનો કરવા અને વિવિધતામાં એકતાને વધુ મજબૂત બનાવવા માટે નીચેના ઉપાયો સૂચવી શકાય:

**૧. શિક્ષણમાં સુધારો:** શાળા અને કોલેજના અભ્યાસક્રમમાં બહુસાંસ્કૃતિક શિક્ષણને વધુ સ્થાન આપવું. ટાગોરના "રુટેડ કોસ્મોપોલિટનિઝમ" ના વિચારને અમલમાં મૂકવો .

**૨.બહુસાંસ્કૃતિક સાક્ષરતા:** શિક્ષકો અને અન્ય વ્યાવસાયિકો માટે બહુસાંસ્કૃતિક સાક્ષરતાની તાલીમ ફરજિયાત કરવી .

**૩. મીડિયાની ભૂમિકા:** મીડિયાએ વિવિધતાનું સકારાત્મક ચિત્રણ કરવું અને રૂઢિગત ધારણાઓને તોડવાનો પ્રયત્ન કરવો .

**૪.સંવાદ અને સમન્વય:** વિવિધ સમુદાયો વચ્ચે સંવાદને પ્રોત્સાહન આપવું અને સાંસ્કૃતિક આદાન–પ્રદાનના કાર્યક્રમો યોજવા.

**૫.કાયદાકીય રક્ષણ:** ભેદભાવ સામેના કાયદાઓને વધુ મજબૂત બનાવવા અને તેનો અસરકારક અમલ કરવો.

**૭.૩ભાવિ સંશોધન માટે દિશાઓ**

ભવિષ્યના સંશોધનમાં નીચેના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય:

·વિવિધપ્રદેશોઅનેસમુદાયોમાંવિવિધતામાંએકતાનાવ્યવહારુસ્વરૂપોનોતુલનાત્મકઅભ્યાસ

·ડિજિટલમીડિયાઅનેસોશિયલનેટવર્કિંગનીરાષ્ટ્રીયઓળખપરઅસર

·આંતર–જાતીયઅનેઆંતર–ધાર્મિકલગ્નોઅનેતેની સામાજિક સ્વીકૃતિ

GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026



## સંદર્ભ સૂચિ

1. Mukherjee, M., &Chatterjee, S. (2024). Unity in diversity! The Problematic of multicultural education in postcolonial India. In J. C. Lee & K. J. Kennedy (Eds.), The Routledge International Handbook of Life and Values Education in Asia (pp. 552-562). Routledge.

2. Bose, S. (2025). Unity in Diversity: Hindu Perspective. MEΘEXIS – Journal of Research in Values and Spirituality, 5(4). https://doi.org/10.71210/mjrvs.5.a.4

3. Gore, M. S. (2002). Unity in diversity: The Indian experience in nation-building. Rawat Publications.

4. Ray, S., & Singh, J. K. (2015). Unity in Diversity: Search for Common Indian National Identity. IOSR Journal of Humanities and Social Science, 20(7), 09-16.

6. https://samagrashiksha.ssagujrat.org